Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ‘ઉનાળો’ આસ્વાદ્ય નિબંધ

ડો. નીતલકુમારી પી. પટેલ

ગુજરાતી સાહિત્યમાં કવિતા, ટૂંકી વાર્તા, વિવેચન, અનુવાદ-એમ સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં સર્જક ભગીરથ બ્રહ્મભટ્ટે મહત્વનું ખેડાણ કર્યું છે. ગુજરાતી નિબંધ સર્જન ક્ષેત્રે ભગીરથ બ્રહ્મભટ્ટનું નામ જાણીતું છે.

અહીં એમનો ઉનાળા પ્રત્યે પ્રગટ થતો પ્રેમ 'ઉનાળાના આશ્ચર્યો' નિબંધ વિશે અભ્યાસ કર્યો છે. આ નિબંધ રચનામાં ઉનાળા ઋતુની વિશેષતાઓનું કાવ્યાત્મ ગદ્યમાં આલેખન કર્યું છે. નિબંધકારની ભાવસૃષ્ટિ અને વિચારસૃષ્ટિનું અહીં સહઅસ્તિત્વ છે. કાવ્યમય ગતિની રમણીયતા સિદ્ધ કરતી આ રચના છે. ભાષાનો સર્જનાત્મક વિનિયોગ આ નિબંધમાં ઠેર જોવા મળે છે. ઉનાળાનું સૌંદર્ય એમણે કાવ્યકલ્પ રીતે રૂપબદ્ધ કર્યું છે. આ નિબંધ ના પ્રારંભમાં સર્જક વસંતના આગમનના અનુસારથી પ્રકૃતિસૃષ્ટિમાં જે માહોલ હોય તેનું વર્ણન કરતા લખે છે-

"ઉનાળાનો તડકો ભીંજાય છે ત્યારે અંગેઅંગમાં એનો દાહ તીવ્રપણે અનુભવાય છે, છતાં ઉનાળાની કૂખમાં વસંત પણ પ્રગટે છે-પ્રસવે છે. વાસંતી માહોલનું આશ્ચર્ય ઉનાળો સર્જે છે. તડકાના પ્રહારોની તુલનામાં વાસંતી વહાલ વિસ્મય પ્રગટાવે છે. પવન પરિચય કરાવે છે. ઋતુ  સંસ્પર્શ કરવો હોય, અનુભવ કરવો હોય તો વસંત સૌથી વધુ અનુકૂળ ઋતુ છે. ફૂલોની રજ લઈ વહેતો પવન તડકાનો થાક ઉતારી નાખે છે. વસંતના આગમને આકાશ નિરભ્ર બને એનું સૌંદર્ય કામુકતાને નિમંત્રણ આપે છે. પુષ્પો પ્રગટે છે-મધુકરો એના મધુ પીવા ગુંજરાવ કરે છે. આમ્રવૃક્ષોને સારા દિવસો બેસે છે, તેનો ઠસ્સો ભારે છે. કોયલ ને એની કૂખમાં સંતાડી ટૌકા કરાવે છે. વસંતના પગલાં નજીકને નજીક આવતા જાય છે."

અહીં નિબંધકારે કલ્પનાપ્રણીત નિબંધનું સર્જન કર્યું છે. પ્રકૃતિ તરફ જોવાની તેમની સૌંદર્યરાગી દૃષ્ટિ અનન્ય છે. એમાં કલ્પનાનો સ્વૈરવિહાર આ રચનાને કલાકીય ઘાટ આપે છે. પુષ્પો, પવન, વૃક્ષો, જળ, તડકો આદિ પ્રકૃતિના તત્વો અને નિજી પ્રતિભાથી વણી લઇ નિબંધકાર ભગીરથ બ્રહ્મભટ્ટ આ રચનાને અનુપમ સૌંદર્ય

બક્ષે છે. અહીં ઇન્દ્રિયગમ્ય સૃષ્ટિનું વર્ણન પણ જોવા મળે છે.- 'ફૂલોની રજ લઈ વહેતો પવન', 'પુષ્પો પ્રગટે છે- મધુકરો એના મધુ પીવા ગુંજરાવ કરે છે' આ રચનામાં ઇન્દ્રિયવિહાર સૃષ્ટિના દર્શન પણ કલ્પનોના માધ્યમથી થાય છે.

વસંતના સ્વાગતમાં પ્રકૃતિના બધા તત્વો કેવા પડી જાય છે. તેનું વર્ણન કરતાં સર્જક લખે છે તે જુઓ-

"વસંતના પગલાં નજીકને નજીક આવતા જાય છે, ઉનાળાના તાપથી અકળાયેલી કન્યાઓ વસંતની લહેરોમાં હસી પડે છે, રાજીના રેડ થઈ જાય છે. અશોકના વૃક્ષો પર રાતાં રાતાં પુષ્પો બેસે છે- એ 'સ્વાગતમ્' નો સુર પ્રગટાવે છે. અનંગ રાજા જાણે ફરવા નીકળ્યા હોય એવું કામઘેરું વાતાવરણ બની જાય છે. ઉનાળો ત્યારે ક્યાં રહે છે? એ એનું મોટું આશ્ચર્ય.. ઉનાળાની કઠોરતા કુપળોને કશું જ કરી શકતી નથી. કૂંપળોનો જય જયકાર છે. ચંપો દીવો લઈને ઉભો છે જાણે! આમ્રમંજરી તોરણ લઈને ઝૂલે છે, કોયલ ટૌકા વેરે છે- વસંતનો વૈભવ સ્વાગતમાં બધાં પડી ગયા છે. આમ, વસંતરાણીના આગમનથી ઉનાળાનાં માન-સન્માન ખૂબ વધી જાય છે. ઉનાળાની કઠોરતાને ઓગાળી નાખવાનું કામ વસંત કરે છે."

નિબંધકારની સર્જકતાના ઉત્તમ ઉનમેષો તેમની રચનામાં વિવિધ રીતે પ્રગટ થયા છે. સર્જકનો હું પ્રકૃતિના વિવિધ તત્વો સાથે કેવો એકરૂપ બની કલાકીય અભિવ્યક્તિ દાખવે છે. નિબંધકાર આ સૃષ્ટિની લીલા ને માણતાં માણતાં નિરાકાર- આકારની રૂપસૃષ્ટિના વિચારોમાં ખોવાઈ જાય છે. વસંતના વૈભવ ને કલાકીય રીતે આલેખવાનો એમનો પ્રયત્ન ખરેખર અનન્ય અને અજોડ છે.

વૃક્ષોના દરબારમાં રાજવેશે વિરાજતાં ગરમાળો અને ગુલમહોર એ બે વૃક્ષો ઉનાળાની પ્રકૃતિના પરિમાણનું પ્રતિનિધિત્વ વધારે કરે છે. તેનું મહત્વ દર્શાવતા સર્જક લખે છે-

"બંને વૃક્ષોને કાયા ઉપર પર્ણો કરતા પુષ્પોના વસ્ત્રો વધારે શોભે છે. જોઈએ તો થાય પુષ્પોના વૃક્ષો! આમ્રવૃક્ષોને ફળવાની મોસમ જ ઉનાળો! જાંબુડાને ગર્ભ રહે છે, ઉનાળામાં ખરેખર તો સમગ્ર વાતાવરણમાં પુષ્પરજ લઈને એ દિવસો નીકળે છે- એનો મહિમા જ મોટો ગણાવી શકાય."

વસંત માં ગરમાળો અને ગુલમહોર પર પર્ણો કરતા પુષ્પોના વસ્ત્રો જાણે એના ઐશ્વર્યની પ્રતીતિ કરાવતા સોનેરી ઝુમ્મરો જેવા શોભતા હતા. ભરબપોરે સૂર્યથી અંજાઈ ગયેલી આંખે પણ એની શોભા જોવાનું તે ચૂકતા નથી. આમ આ ઋતુમાં આ બંને વૃક્ષનો મહિમા મોટો ગણાવી શકાય. આ ઉનાળામાં સૌથી મોટું વિસ્મય સાચવીને બેઠો છે કડવો અને પવિત્ર લીમડો. ઉનાળામાં સૌથી વધારે એ બોલકો બને છે. તેનું વર્ણન જોઈએ-

"લીમડાના વિસ્મયી ધ્વનિઓ હવામાં ગૂંથાઈને અભિવ્યક્તિ પામે છે. લીમડાની સ્નેહયુક્ત આ અભિવ્યક્તિ એના છાકને, દોરદમામને રજૂ કરે છે. લીમડાનો દમામ જોઈ મોગરા અને શિરીષ પણ પરસ્પર તાલીઓ દઈ નાચે છે. મોગરાના નૃત્ય પાછળ ગુલમહોર ઘેલો થયો છે. શીમળો રેશમી પુષ્પોની જાજમ પાથરીને બેસી ગયો છે. ભાન ભૂલ્યો પેલો મહુડો... આંબાની કુખમાં ગર્ભ છે. એ એના સારા દિવસોમાં તડકાની પરિભાષાને સમજવા કોશિશ કરે છે. પવન ગ્રીષ્મનો વરઘોડો જોઈ ધીમો પડી ગયો છે. વરરાજા- લીમડો ભદ્રતા સાચવી શકતો નથી. એને તો એ ભલો અને એની ગ્રામ્યતા ભલી. એમાં જ અસલિયત સચવાય છે. ખુદ સુરજ પણ તડકો થઈ લીમડાની જાનમાં જાનૈયા થઈને આવે છે. જાનૈયા તો ક્યાં કોઈને ગાંઠે છે? લીમડા પાસે જતા વખતે જાનૈયા ડરે છે? કે એના માનપાન સાચવે છે? લીમડાની જાત ઊઘલી છે. ચૈત્રની ટીલડીઓ લીમડાની ડાળે ડાળે પ્રગટી છે. લીમડો જાણે ઝબકજ્યોતથી પ્રગટેલો વરરાજા! એના અંગે અંગે આનંદ છે. લીમડો બધાને ગમે છે. લીમડાની તહેનાતમાં ઉભી છે ઝાકળ-કન્યાઓ. કન્યાઓની આ પ્રતિક્ષામાં જ લીમડાનું

ગૌરવ વધે છે."

લીમડો, કેસુડો, શીમળો, મોગરો, આંબો શિરીષના સંદર્ભે સર્જકનો વસંતાનુંરાગ છતો થાય છે નિબંધકાર પ્રકૃતિના વિભિન્ન તત્વો પાસે પોતાની આગવી દૃષ્ટિ દાખવીને, પોતાની ઇન્દ્રિયો વડે પ્રકૃતિનું રસપાન કરે છે. પ્રકૃતિના આવા નિતાંત સુંદર રૂપો દ્વારા સર્જકની સૌંદર્યશોધને તો જાણે બળ મળ્યા કરે છે. કવિતાની પરિસ્થિતિમાં પહોંચી જતું ગદ્યનું આ ભાવસભર રૂપ નિબંધની પરંપરાગત છબીને ભૂંસીને નવી લલિત મુદ્રા આકારે છે. સર્જક ની કલ્પના શક્તિ પ્રકૃતિની લીલયા ચિત્રાવલી અંકિત કરી આપે છે. આ રચનામાં સર્જકની વાક્યરચના અદભુત અને મનમોહક છે. લીમડાની જાનના પ્રસંગમાં તમામ પ્રકૃતિ તત્વોનો આનંદ ઉત્સવનું સર્જકે કાવ્યાત્મક શૈલીમાં સુંદર વર્ણન કર્યું છે. આ રચનામાં સર્જકનો આગવો મિજાજ પ્રગટ થતો જણાય છે. પ્રાકૃતિક તત્વો પ્રત્યેનું સર્જકનું તીવ્ર આકર્ષણ અહીં અભિવ્યક્તિની તાજગી સાથે વ્યક્ત બન્યું છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભ સૂચિ:**

તંત્રી: યોગેશ જોષી, સામાયિક: ‘પરબ’

ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ચ ૨૦૦૫

અંક-૩, પૃષ્ઠ-20

એજન-૨૪, એજન-૨૫, એજન-૨૬